C.C.NO.970/1997.

(1)

કેસ દાખલ તારીખ:૦૮/૦૭/૧૯૯૭
રજી.થયા તારીખ:૦૮/૦૭/૧૯૯૭
ફેસલ કર્યા તારીખ:૨૦/૦૪/૨૦૧૯
સમય ગાળો:વર્ષ..... માસ..... દિવસ...

મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબર:૯૭૦/૧૯૯૭.
આંક-

ફરીયાદી:- શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપી:- (૧) અશેષ રવિન્દ્રકુમાર મોદી.(પુરવણી ચાર્જશીટ)
ઉં.વ.૩૭, રહે.3/એ, અક્ષરબાગ સોસાયટી,
સ્વામિનારાયણની વાડી સામે, મણીનગર,અમદાવાદ
(૨) દિલીપ માઘાભાઈ પટેલ.
ઉં.વ.30 રહે.ખોડીયારનગર સોસાયટી,
બ.નં.33, વટવા, અમદાવાદ.
(3) જયેન્દ્ર રમણલાલ જાની.
ઉં.વ.૪૪, રહે.૫, અમર સોસાયટી,
બાલ વાટીકા, કાંકરીયા, અમદાવાદ.
(૪) રમણભાઈ ઘુળાભાઈ પટેલ.
ઉં.વ.૪૦, રહે. વિનોબાભાવેનગર, મ.નં.૩૮૨૯,
વિંઝોલ ગામ પાસે, અમદાવાદ.
(૫) મનુભાઈ વાલજીભાઈ ચૌહાણ.
ઉં.વ.૩૫, રહે.વિંઝોલ ગામ, તા.દસ્ક્રોઈ,
જી.અમદાવાદ.

Scanned with CamScanner

(૬) ગણપતભાઈ પરસોત્તમભાઈ પટેલ.
(પુરવણી ચાર્જશીટ)
ઉં.વ.૩૯, રહે.નવજીવન સોસાયટી,
ઘ.નં.૨૯, રણછોડનગર સામે, વટવા, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા.
આરોપી તરફે વિ.વ.શ્રી જે.આર.ત્રિપાઠી.

---

ગુનોઃ-ઈ.પી.કો.કલમઃ ૧૪૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૬૫ મુજબ.

---

---

## જ જ મે ન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૦૧/૧૯૯૭ ના કલાકઃ ૧૦.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાનમાં વટવા જીઆઈડીસી ફેઝ-૨ પ્લોટ નં. ૪૬૮/૪૭૧ માં આવેલ મરડીયા કેમીકલના કાળીગરોએ તેમના માણસો અંગે આંદોલન શરૂ કરેલ હોઈ જેથી મેજમેન્ટ તરફથી ફરીયાદ કરેલ જે ફરીયાદ ખોટી છે જેનો અમો વિરોધ કરીએ છીએ તેમ કહી ગેરકાયદેસર મંડળી બની ફરીયાદી પાસે જઈ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી લેટર પેડ ઉપર ફરીયાદીને સહી કરવાનું જણાવતા ફરીયાદીએ ના પાડતાં બળજબરીપુર્વક સહી લઈ પકડાઈ જઈ ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

Scanned with CamScanner

(૨) આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપી નં. ૨ થી ૫ નાઓ હાજર થયેલ છે. આરોપી નં. ૧ અને ૬ નાઓ ચાર્જશીટમાં જણાવેલ સરનામે મળી આવતા ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત ફરેલ હોવાથી અન્ય આરોપીઓ દ્વારા સેપરેટ ટ્રાયલની અરજી રજુ થતા આરોપી નં. ૧ અને ૬ વિરૂદ્ધની ટ્રાયલ અલગ કરવામાં આવેલ છે અને આરોપી નં. ૨ થી ૫ વિરૂદ્ધ હાલની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ આંકઃ ૦૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંકઃ ૦૩ થી ૦૬ સુધી ગુના સંબંધે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓને તહોમતનામા અંગેની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા તેમની સામેના આક્ષેપોની હકીકતોનો ઈન્કાર કરી ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષના કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | સાહેદ રસીકલાલ શાન્તીલાલ મરડીયાની જુબાની | ૦૯ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | અસલ ફરીયાદ | ૧૦ |
| ૨ | કલોઝીંગ પુરસીસ | ૧૧ |

(૪) પ્રસ્તુત કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા આંકઃ ૦૮ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવતા ગુનો બિનસમાધાન પાત્ર હોઈ પુરસીસ નામંજુર કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ દ્વારા આંકઃ ૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી.

(૫) શ્રી સરકાર પક્ષ તરફે વિ.એપીપીશ્રીનાઓને સાંભળ્યા. આરોપીઓ પક્ષ તરફે વિ.વકીલશ્રીનાઓને સાંભળ્યા.

(૬) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

–૦ મુદ્દા ૦–

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૦૧/૧૯૯૭ ના કલાકઃ ૧૦.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાનમાં વટવા જીઆઈડીસી ફેઝ-૨ પ્લોટ નં. ૪૬૮/૪૭૧ માં આવેલ મરડીયા કેમીકલના કાળીગરોએ તેમના માણસો અંગે આંદોલન શરૂ કરેલ હોઈ જેથી મેજમેન્ટ તરફથી ફરીયાદ કરેલ જે ફરીયાદ ખોટી છે

Scanned with CamScanner

જેનો અમો વિરોધ કરીએ છીએ તેમ કહી ગેરકાયદેસર મંડળી બની ફરીયાદી પાસે જઈ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી લેટર પેડ ઉપર ફરીયાદીને સહી કરવાનું જણાવતા ફરીયાદીએ ના પાડતાં બળજબરીપુર્વક સહી લઈ પકડાઈ જઈ ઈ.પી.કો.કલમઃ ૧૪૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૬૫ મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

### મુદ્દા નંબરઃ-૧

ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ ૧૪૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૬૫ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

Scanned with CamScanner

(૮) ફરીયાદ પક્ષે આંકઃ ૦૯ થી રસીકલાલ શાન્તીલાલ મરડીયાનાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, તેઓ મરડીયા ફાર્મ હાઉસ એસ.જી.હાઈવે રહે છે. ૧૯૯૭ ના અરસામાં તેઓને વટવા જીઆઈડીસીમાં મરડીયા કેમીકલ નામથી વેપાર હતો. હાલ કંપની બંધ છે અને તેમના મરડીયા કેમીકલમાં ઉપેન્દ્રનાથ વીદ્યાનાથ ભાર્ગવ કે જેઓ મરડીયા પ્લાઝામાં જનરલ મેનેજર તરીકે નોકરી કરતા હતા અને તે વખતે કારીગરોએ પોતાની માંગણી સંતોષવા ફેકટરી ઉપર આવી અને ઓફીસે મેનેજર નાઓની સાથે બોલાચાલી કરેલી હોય તે અંગેની પોતાને પાછળથી ખબર પડેલી અને ઉપેન્દ્રનાથે પોલીસ ફરીયાદ આપેલી બીજુ શું બનેલ તેની પોતાને ખબર નથી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. આ ઉપેન્દ્રનાથ ભાર્ગવનાઓએ ૧૫ વર્ષથી નોકરી છોડી દીધેલ છે અને ક્યાં રહે છે તેની કોઈ પણ જાત માહીતી નથી. ૧૯૯૭ ના અરસામાં તેઓની ઉંમર ૫૭ વર્ષની હતી. તેઓએ જે ફરીયાદ આપેલી તેમાં તેઓની સહી છે જે સાહેદે ઓળખી બતાવેલ છે. જે ફરીયાદને રજુ દાખલ આંકઃ ૧૦ આપવામાં આવેલ છે. આ કયા કારીગરો સામે ફરીયાદ થયેલી તેની પોતાને ખબર નથી. કેસ પુરો થઈ જાય તો પોતાને કોઈ વાંધો તકરાર નથી. સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી. શ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલ પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા હોસ્ટાઈલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે

Scanned with CamScanner

ઉલટતપાસમાં સાહેદે એવી હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નથી. બનાવ સમયે આરોપીઓ સાથે કારખાનાના પ્રશ્ન બાબતે બોલાચાલી તકરાર થયેલ હતી. હાલ આ ફેકટરી બંધ છે અને કંપનીમાં ફરજ બજાવતા અધિકારી અને કારીગરો બાબતે માહીતી નથી. કારીગરો અને અધિકારી તમામ હાલ કંપનીમાંથી છુટા કરેલ છે.

(૯) પ્રસ્તુત કામે તપાસ કરનાર અમલદારનાઓ દ્વારા સાહેદ સુધીર થમરનાથનાઓનું નિવેદન નોંધવામાં આવેલ. ગુના કામેની ફરીયાદ ઉપેન્દ્રનાથ વિજયાનાથનાઓ દ્વારા નોંધાવવામાં આવેલ હતી. ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ રશિકભાઈ શાંતિલાલનાઓની જુબાની જોતા સાહેદ દ્વારા ચાલતી કંપની બંધ થઈ જવાથી કારીગરો છુટા થયેલ છે અને તેઓનું નવું સરનામું રેકર્ડ ઉપર આવેલ નથી. અદાલત દ્વારા ફરીયાદી અને સાહેદ સુધીર લુથરાનાઓ વિરૂદ્ધ સમન્સ વોરન્ટ પણ કાઢવામાં આવેલ છે. પરંતુ તે પણ વગર બજેલ પરત ફરેલ છે. હાલનો કેસ સને-૧૯૯૭ થી પેન્ડીંગ છે. ફરીયાદી તથા ઉપરોકત સાહેદ સુધીરભાઈનાઓનું સરનામું નજીકના ભવિષ્યામાં મળી આવે તેમ નથી. ગુના કામેની મુખ્ય તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ. ખાંટનું સરનામું મળી આવતુ ન હોવાના શેરા સાથે પ્રોસેસ વગર બજેલ પરત ફરેલ છે. ગુનાની તપાસ કરનાર અમલદાર સી.એ.પરમાર અવસાન પામેલ હોવાના શેરા સાથે પ્રોસેસ પરત ફરેલ હોવાથી તેઓને તપાસી શકાયેલા નથી. ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદે ફરીયાદ પક્ષાના કેસને સમર્થનકારી હકીકતો જણાવેલ નથી. ફરીયાદી તથા સાહેદ સુધીર અમરનાથ મળી આવતા ન હોવાથી બનાવની હકીકતો સાબિત થતી નથી. તેવા સંજોગોમાં બનાવ સમયે આ કામના

Scanned with CamScanner

આરોપીઓએ કયા ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો બોલેલા હતા? તથા જાનથી મારી નાખવાની ધમકી આપી કોઈ સાહેદોને લેટરપેઈડ ઉપર લખાણ કરવા બળજબરી કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય જેથી મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જયારે મુદ્દા નંબરઃ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આરોપીઓ (૨) દિલીપ માધાભાઈ પટેલ (૩) જયેન્દ્ર રમણલાલ જાની (૪) રમણભાઈ ધુળાભાઈ પટેલ (૫) મનુભાઈ વાલજીભાઈ ચૌહાણનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ૧૪૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૬૫ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના તમામ આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

સદરહુ હુકમ આજ તારીખઃ ૨૦ માહે એપ્રિલ સને-૨૦૧૯ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

મુકામઃઅમદાવાદ
તા. ૨૦/૦૪/૨૦૧૯

એમ.ટી.દેસાઈ.

Scanned with CamScanner